# સુથાર સંત યોસેફ
## ફાધર વર્ગીસ પૉલ

sદુનિયાભરમાં ઘણાં બાળકોને સ્નાનસંસ્કાર વખતે જોસેફ, જોસ કે યોસેફ નામ આપવામાં આવે છે. યોસેફ નામે બાઈબલના નવા કરારમાં પાંચ વ્યક્તિઓ છે. એક, ઈસુના પાળક પિતા સંત યોસેફ (માથ્થી ૧, ૧૬); બે, ઈસુના પિતરાઈ ભાઈ યોસેફ (માથ્થી ૧૩, ૫૫); ત્રણ; આરિમથાઈના યોસેફ (માથ્થી ૨૭, ૫૭); ચાર, બાર્સાબાસ તરીકે ઓળખાતો યોસેફ (પ્રે. ચ. ૧, ૨૩) અને પાંચ, જોસેફ બર્નાબાસ (પ્રે. ચ. ૪, ૩૬). જૂના અને નવા કરારમાં યોસેફ નામની ઘણી વ્યક્તિઓ બતાવે છે કે યહૂદીઓમાં યોસેફ ખૂબ લોકપ્રિય નામ હતું.

પરંતુ ખ્રિસ્તી છોકરાઓને એક જ યોસેફના નામ પરથી યોસેફ કે જોસેફ નામ આપવામાં આવે છે. તે છે ઈસુના પાળક પિતા સંત યોસેફ. તે યોસેફ ઈસુના માતા મરિયમના પતિ છે.

ઈસુ અને માતા મરિયમના જીવનમાં ખૂબ મહત્ત્વનો ફાળો ભજવનાર યોસેફ વિશે બાઈબલમાં જૂજ માહિતી મળે છે. આપણી પાસે જે કંઇ માહિતી છે તે આપણને માથ્થીકૃત અને લૂકકૃત શુભસંદેશના પ્રથમ બે અધ્યાયોમાંથી તેમજ યોહાનકૃત શુભસંદેશના અમુક ઉલ્લેખોમાંથી મળે છે (યોહાન ૧, ૪૫ અને ૬, ૪૨).

ઈસુના બાળપણ વિશેની વાતમાં માથ્થી યોસેફનો પરિચય આપતાં કહે છે, "હવે ઈસુ ખ્રિસ્તનો જન્મ આ પ્રમાણે થયો હતો: એમનાં માતા મરિયમના વિવાહ યોસેફ સાથે થયા હતા. તેમનો સહવાસ થાય તે પહેલાં જ માલૂમ પડયું કે મરિયમને પવિત્ર આત્માના પ્રભાવથી ગર્ભ રહ્યો છે. તેમના પતિ યોસેફ ધર્મિષ્ઠ માણસ હતા અને તેમને ઉઘાડાં પાડવા ઇચ્છતા ન હતા, એટલે તેમની ઇચ્છા કશી હોહા વગર તેમને છૂટાં કરવાની હતી. તેઓ એ વાતનો વિચાર કરતા હતા એવામાં એક દેવદૂતે તેમને સ્વપ્નમાં દર્શન દઇને કહ્યું, 'હે દાવિદપુત્ર યોસેફ, તારી પત્ની મરિયમને ઘેર તેડી લાવતાં ડરીશ નહિ. એને જે ગર્ભ રહ્યો છે તે પવિત્ર આત્માના પ્રભાવથી રહ્યો છે. તેને પુત્ર અવતરશે અને તું તેનું નામ ઈસુ પાડજે, કારણ, તે પોતાની પ્રજાને પાપમાંથી મુકિત આપનાર છે.'

"પ્રભુએ પયગંબરમુખે કરેલી ભવિષ્યવાણી સાચી પડે એટલા માટે આ બધું બન્યું. તેણે ભાખ્યું હતું કે, 'કુંવારી કન્યાને ગર્ભ રહેશે, અને તે પુત્રને જન્મ આપશે અને લોકો તેનું નામ ઇમાનુએલ એવું પાડશે.' ઇમાનુએલ એટલે 'ઈશ્વર આપણી સાથે છે.'

"યોસેફે ઊંઘમાંથી ઊઠીને દેવદૂતના કહ્યા પ્રમાણે કર્યું. તેઓ પોતાની પત્નીને ઘેર તેડી

ગયા. તેમનું ગમન થયા વગર મરિયમને પુત્ર અવતર્યો અને યોસેફે તેનું નામ ઈસુ પાડયું" (માથ્થી ૧, ૧૮-૨૫).

લૂકકૃત શુભસંદેશમાં યોસેફનો ઉલ્લેખ ગાબ્રિયેલ દેવદૂતે ઈસુના જન્મ વિશે મરિયમને આપેલી વધામણીમાં આવે છે. "છઠ્ઠે મહિને ઇશ્વરે દેવદૂત ગાબ્રિયેલને ગાલીલ પ્રાંતના નાસરેથ નામે ગામમાં એક કન્યા પાસે મોકલ્યો. કન્યાનું નામ મરિયમ હતું અને તેમના વિવાહ દાવિદના વંશજ યોસેફ નામના માણસ સાથે થયા હતા" (લૂક ૧, ૨૬-૨૭).

ચારેય શુભસંદેશકારોમાં ફક્ત લૂક જ બીજા અધ્યાયમાં ઈસુના બાળપણ અંગે વિસ્તૃત માહિતી આપે છે. "એ રીતે યોસેફ પણ, દાવિદના વંશના અને કુળના હોવાથી, ગાલીલના ગામ નાસરેથથી યહૂદિયામાં આવેલા દાવિદના નગર બેથલેહેમ નોંધાવા ચાલ્યા ગયા. તેમની સાથે મરિયમ હતાં જેમની સાથે તેમના વિવાહ થયેલા હતા. તે સગર્ભા હતાં અને તે લોકો ત્યાં હતાં એ દરમિયાન જ તેમની પ્રસૂતિનો સમય આવી પહોંચ્યો. અને તેમણે પોતાના પહેલા ખોળાના પુત્રને જન્મ આપ્યો. તેમણે બાળકને કપડામાં લપેટીને ગમાણમાં સુવાડયો, કારણ, ઉતારામાં તેમને માટે જગ્યા નહોતી" (લૂક ૧, ૪-૭).

જયારે ઈસુનો જન્મ થયો ત્યારે વગડામાં ભરવાડો રાતે વારાફરતી પોતાનાં દ ોટાંની ચોકી કરતા હતા. એક દેવદૂતે તેમને ઈસુના જન્મની જાણ કરી. લૂક નોંધે છે, "તેઓ તાબડતોબ નીકળી પડયા એને તેમણે મરિયમને ને યોસેફને ને ગમાણમાં સુવાડેલા બાળકને શોધી કાઢયા" (લૂક ૨, ૧૬).

ગમાણની વાત પછી આપણે યરુશાલેમના મંદિરમાં બાળ ઈસુને પ્રભુને સમર્પણ કરવા માટે લઇ આવ્યા ત્યારે યોસેફને મળીએ છીએ. "મોશેની ધર્મસંહિતના અનુસાર તેમને માટે સૂતક ઉતારવાનો દિવસ આવ્યો ત્યારે તેઓ બાળકને પ્રભુને સમર્પણ કરવા માટે યરુશાલેમ લઇ આવ્યાં, કારણ, પ્રભુની ધર્મસંહિતામાં લખ્યું છે કે, 'પ્રથમ જન્મેલો દરેક પુત્ર પ્રભુને સમર્પણ કરવો.' પ્રભુની ધર્મસંહિતામાં કહ્યા પ્રમાણે તેમણે બે હોલાં અથવા બે પારેવાંનાં બચ્ચાંનો ભોગ પણ ચડાવવાનો હતો" (લૂક ૨, ૨૨-૨૪).

ઈસુની વંશાવલીની યાદીમાં પણ આપણને યોસેફનું નામ મળે છે. "લોકો એમ ધારતા હતા કે, ઈસુ યોસેફનો પુત્ર છે. યોસેફ એલીનો" (લૂક ૩, ૨૩).

ઈસુ પોતાના ગામમાં જાય છે ત્યારે પણ આપણને યોસેફના નામનો ઉલ્લેખ મળે છે. ઈસુના મુખમાંથી પ્રાસાદિક વાણી નીકળતી જોઇ સૌ લોકો અચંબો પામ્યા અને કહેવા લાગ્યા, "શું આ યોસેફનો દીકરો નથી?" (લૂક ૪, ૨૨).

યોસેફ વિશે આપણને બીજા બે ઉલ્લેખ પણ મળે છે. બંને ઉલ્લેખમાં ઈસુને "યોસેફનો દીકરો" તરીકે ઓળખવામાં આવે છે (યોહાન ૧, ૪૫; ૬, ૪૨).

માર્કકૃત શુભસંદેશમાં ઈસુને સુથાર તરીકે ઓળખવામાં આવે છે. ઈસુના વતનના સભાગૃહમાં ઈસુને સાંભળીને આશ્ચર્યચકિત થયેલા વતનના લોકો, "એ આવા ચમત્કારો શી રીતે કરે છે? આ પેલો સુથાર નથી? પેલી મરિયમનો દીકરો" (માર્ક ૬, ૨-૩). આ જ પ્રસંગમાં માથ્થી ઈસુ માટે 'સુથાર' કહેવાને બદલે 'સુથારનો દીકરો' કહે છે. "આ માણસમાં આવું જ્ઞાન અને આવી ચમત્કારિક શક્તિ કયાંથી? એ પેલો સુથારનો દીકરો નથી? એની માનું નામ મરિયમ નથી?" (માથ્થી ૧૩, ૫૪-૫૫).

આ બધા ઉલ્લેખમાંથી આપણે સહેલાઇથી માની શકીએ કે યોસેફ વ્યવસાયે "સુથાર" હતા. અને તેમણે પોતાના દીકરા ઈસુને સુથારનું કામ અને વ્યવસાય શીખવ્યાં હશે. એટલે ઈસુને "સુથાર" કે "સુથારનો દીકરો" કહેવામાં આવે તે યોગ્ય જ છે.

લૂકકૃત શુભસંદેશમાં બાળ ઈસુ યરુશાલેમમાં ખોવાયા અને જડયાની વાત છે. યરુશાલેમ મંદિરમાં "એમને જોઇને એમનાં માબાપના આશ્ચર્યનો તો કંઇ પાર ન રહ્યો; અને તેમની માએ તેમને કહ્યું 'બેટા, તેં આમ કેમ કર્યું? જો, તારા બાપુ અને હું તો તને શોધી શોધીને અરધાં થઇ ગયાં' " (લૂક ૨, ૪૮). એ પ્રસંગ પછી નવા કરારમાં યોસેફ અંગે કોઇ ઉલ્લેખ નથી. એટલે આપણે માની શકીએ છીએ કે ઈસુના જાહેર જીવન જોવા જેટલો સમય યોસેફ જીવ્યા નથી. એટલે જ ક્રૂસ પાસે ઊભેલાં માતા મરિયમની સારસંભાળ માટે ઈસુ પોતાના શિષ્ય પ્રેષિત યોહાનને સોપ્યાં છે.

ઈસુ બંને "સુથાર" અને "સુથારનો દીકરો" તરીકે ઓળખાય છે, તે વાત બતાવે છે કે ઈસુને સુથારનું કામ શીખાડયા પછી પણ એમના જાહેર જીવન પહેલાં યોસેફનું મૃત્યુ થયું હશે. વળી, એ વાત પણ સાચી છે કે પોતાના જાહેર જીવન પહેલાં ઈસુ પોતે સુથાર તરીકે ઓછામાં ઓછું પોતાના ગામ નાસરેથમાં નામના કેળવી હશે.

ખ્રિસ્તી લોકો યોસેફને માતા મરિયમ પછી શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ સંત ગણે છે. કારણ, યોસેફને ઈસુ અને માતા મરિયમની સારસંભાળ રાખવાની જવાબદારી મળી હતી અને તેમણે દેખીતી રીતે ઈસુના પાળક પિતા અને મરિયમના પતિ તરીકે શ્રેષ્ઠ કામ કર્યું છે.

કોપ્ટિક ખ્રિસ્તીઓ યોસેફની ભકિત ચોથી સદીથી કરતા હતા અને એ ભકિત ક્રમિક રીતે વિકસતી રહી છે.

કૅથલિક ધર્મસભામાં આવિલાના સંત થેરેસાએ યોસેફને પોતાના સુધરેલા કામેર્લ સંઘના રક્ષક સંત તરીકે પસંદ કર્યા હતા. સંત થેરેસા અને એમના સંઘનાં સાધ્વીબહેનો ૧૬૮૯થી દર વષેર્ સંત યોસેફનો તહેવાર ઉજવતાં આવ્યાં છે.

કૅથલિક ખ્રિસ્તીઓ વચ્ચે સંત યોસેફની ભકિત સતત વિકસતી રહી છે. એટલે વડાધર્મગુરુ પોપ પીયુસ નવમાએ યોસેફને વિશ્વભરની ધર્મસભાના રક્ષક સંત તરીકે ૧૮૭૦માં જાહેર કર્યા હતા. એ પહેલાં ૧૮૬૯થી ૧૮૭૦ સુધી મળેલા પ્રથમ વૅટિકન પરિષદના ૩૦૦ ઉપર ધર્માધ્યક્ષોએ વડાધર્મગુરુને વિનંતી કરી હતી કે તેઓ યોસેફને વિશ્વના રક્ષક સંત તરીકે જાહેર કરે.

લૅટીન ઉપાસના વિધિમાં સંત યોસેફનો તહેવાર દર વષેર્ માર્ચની ૧૯મી તારીખે ઉજવવામાં આવે છે. વળી, કૅથલિક ધર્મસભાએ સંત યોસેફના માનમાં દર વષેર્ મેની પહેલી તારીખે સંત યોસેફ કામદાર દિન તરીકે પણ ખાસ ઉજવવામાં આવે છે.